## જન્મદિને વધામણી


પ્રકાશ લાલા
વરિષ્ટ નાટ્યકાર અને મંત્રી, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો : ૯૪૨૬૦૮૪૬૩૨


વસંતબેન સુરેશ ભટ્ટ
મો. ૨૩૨૨૬૨૫૧


અંજનાબેન બિપીનભાઈ રાવલ
મેને. ટ્રસ્ટી, શાંતિનિકેતન પ્રાથમિક અને માધ્યમિક શાળા
મો. ૯૧૫૭૩ ૯૪૨૬૭


સંકેત ગોર
લિઓ કો-ઓર્ડિનેટર
મો. ૯૮૨૪૬ ૪૫૬૭૧


જય અશ્વિન રાણા


કૃપાબા પંકજસિંહ બિહોલા

# આર જી પટેલ ગર્લ્સ સ્કૂલ ખાતે ફાર્મસી વીક ઉજવણીનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૬

શ્રીમતી આર જી પટેલ ગર્લ્સ સ્કૂલ, સેક્ટર-૨૩ ખાતે નેશનલ ફાર્મસી વીકની ઉજવણી અંતર્ગત એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩માં કાર્યરત ફાર્મસી કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા આ ઉજવણી હાથ ધરવામાં આવી હતી.

'નો યોર મેડીસિન, આસ્ક યોર ફાર્માસિસ્ટ' વિષયે વિદ્યાર્થીઓને ફાર્મસી શાખાનું મહત્ત્વ અને વિવિધ રોગો તથાતે અંગેની દવાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત વર્ગખંડમાં વિવિધ પ્લેકાર્ટ-મેડીસિન સેમ્પલની મદદથી ગેમ્સ દ્વારા વિદ્યાર્થીઓને રસ પડે તે રીતે ખૂબ જ ઉપયોગી માહિતી પૂરી પાડવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં શાળાના વિજ્ઞાન પ્રવાહની ૨૧૮ વિદ્યાર્થીનીઓ તથા કે બી ફાર્મસી કૉલેજના ૧૫ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# ૫૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ એકત્ર થઈ રાષ્ટ્રધ્વજ બનાવશે

ગાંધીનગર, તા. ૬

હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થાનના ઉપક્રમે હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળો-૨૦૧૮ તા.૫થી ૮ જાન્યુઆરી, ૨૦૧૮ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી મેદાન, હેલ્મેટ સર્કલ પાસે, અમદાવાદ ખાતે આયોજન થવા જઈ રહ્યું છે. તે પૂર્વે તા. ૨૩મી ડિસેમ્બરના રોજ ઈવેન્ટ મેનેજમેન્ટ ગ્રાઉન્ડ, રિવરફ્રન્ટ, પાલડી ખાતે સવારે ૮.૩૦થી ૧૦.૩૦ દરમિયાન કેન્દ્રીય સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામનની ઉપસ્થિતિમાં વિશિષ્ટ રાષ્ટ્રવંદનાનો એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાશે. જેમાં ૫૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ રાષ્ટ્રધ્વજ બનાવશે. જ્યારે ૧૫૦ કલાકારો દોઢ કલાક સુધી ૧૦૦ ફૂટના વિશાળ સ્ટેજમાં રાષ્ટ્રગીતો રજૂ કરશે અને અંતે ત્યાં ઉપસ્થિત ૬૫,૦૦૦ લોકો વંદેમાતરમનું ગાન કરશે.

હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળો-૨૦૧૮ પૂર્વેની આ પ્રિઈવેન્ટ છે. જે અંતર્ગત કેન્દ્રીય સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામન ઉપસ્થિત રહેશે. એનસીસી ૫૦૦ કેડેટ બહેનો પરેડથી તેમનું સ્વાગત કરશે.

એનસીસીના બાળકો પરેડ કરશે. 'પરમવીર વંદના'ના કાર્યક્રમ હેઠળ ૫૦ શૌર્ય ચક્ર વિજેતાઓને તિલક-વંદન કરવામાં આવશે. ધોરણ-૬થી ૧૨માં અભ્યાસ કરતાં ૩૫,૦૦૦ બાળકો અને કોલેજમાં અભ્યાસ કરતાં ૧૫,૦૦૦ યુવક-યુવતીઓ થઈને કુલ ૫૦,૦૦૦ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ભારતનો રાષ્ટ્રધ્વજ બનાવશે. તેને માટે આ બાળકોને ત્રિરંગી ટોપી અપાશે અને કલર કોડ પ્રમાણે તેઓ બેસશે. આ બાળકો આવશે ત્યારે

એસઆરપી બેન્ડ અને મિલિટરી બેન્ડ દ્વારા તેઓનું સ્વાગત કરશે. જ્યારે ૧૫૦થી વધુ કલાકારો એક કલાક ૨૫ મિનિટ દરમિયાન રાષ્ટ્રભક્તિના ગીતો ગાશે. આ માટે ૧૦૦ ફૂટનું વિશાળ સ્ટેજ બનાવાશે. કુલ ૬૫,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ, નગરજનો, ગણમાન્ય અતિથિઓ આ કાર્યક્રમમાં ભાગ લેશે, એવું આયોજન કરવામાં આવ્યું છે.

# વિદ્યાભારતી પ્રશિક્ષણ સંચાલિત બે સ્કૂલ્સમાં પરંપરાગત વિદ્યારંભ સંસ્કારનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૬

વિદ્યાભારતી પ્રશિક્ષણ સંચાલિત શ્રી સરસ્વતી શિશુવાટિકા અને શ્રી સરસ્વતી વિદ્યામંદિર દ્વારા 'વિદ્યારંભ સંસ્કાર'નું આયોજન માગશર વદ બીજના રોજ કરવામાં આવ્યું હતું.

શિશુવાટિકામાં ભૂલકાઓને શ્રવણ, કથન અને લેખન દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. બાળકોની નિશ્ચિત વયે એટલે કે ચાર વર્ષ, ચાર માસ, ચાર દિવસ પછી લેખનકાર્યની શરૂઆત કરવામાં આવે છે. આ સંસ્કારમાં મંદિરે બાળક ગ્રંથોની પૂજા કરે છે, બાળકની માતા ગ્રંથોને મસ્તક પર ધારણ કરે છે. ત્યારબાદ બાળકો ગ્રંથોને કાવડમાં મૂકી વિદ્યાલયમાં આવે છે. આચાર્યો દ્વારા બાળકોનાં પગ ધોઈ તેમને તિલક કરવામાં આવે છે. ગાયત્રીયજ્ઞ અને સરસ્વતી માતાને આહૂતિ આપી માતા દ્વારા પાટીમાં ૐ અને શ્રી ઘુંટાવી દઈ લેખનકાર્યનો આરંભ કરાવવામાં આવે છે. આ સમગ્ર વિધિનું શિશુવાટિકા દ્વારા અનુસરણ કરવામાં આવ્યું હતું જેના કારણે શાળામાં પરંપરાગત ગુરુકુળના વાતાવરણનું સર્જન થયું હતું.

# એસ કે પટેલ શાળામાં બાળકોની ધમાકેદાર 'ચાર્ટમેકિંગ' એક્ટિવિટી



## ગ્લોબલ વૉર્મિંગ, વોટર સાયકલ, પ્લાન્ટસાયકલ, સીઝન્સ, વાઈલ્ડ એનિમલ્સ, બટરફલાય સાયકલ, ફોરેસ્ટ જેવા વિષયો સમાવાયા

ગાંધીનગર, તા. ૬

કડી સર્વવિદ્યાલય સંચાલિત એસ.કે.પટેલ ઈંગ્લિશ મીડિયમ શાળામાં 'ચાર્ટ મેકિંગ' એક્ટિવિટી યોજાઈ ગઈ.

બાળકોએ પોતાના કલાસ ટીચર સાથે મળીને વિવિધ વિષયો પર ચાર્ટ બનાવ્યા હતા. જેવા કે, ગ્લોબલ વૉર્મિંગ, વોટર સાયકલ, પ્લાન્ટસાયકલ, સીઝન્સ, વાઈલ્ડ એનિમલ્સ, બટરફલાય સાયકલ, ફોરેસ્ટ, બર્ડ્સફિડિંગ, ડે-નાઈટ, એડિશન, નેચરલ સીન, ફ્રૂટ્સ, નેશનલ ફ્લેગ, ઈંડિયન ડ્રેસીસ, સાન્તા કલોઝ, ગૂડ એન્ડ બેડ હેબિટ્સ.

બાળકોએ અત્યંત ઉત્સાહથી આ એક્ટિવિટીમાં ભાગ લોધો હતો અને 'Learn with Fun'ની આ પ્રવૃતિની ક્ષણોને મન ભરીને માણી હતી. દરરોજ જે શિક્ષક ભણાવતા હોય તેમની સાથે મળીને આ એક્ટિવિટી કરવામાં બાળકોએ રોમાંચની લાગણી અનુભવી હતી.

ચાર્ટ મેકિંગનું તમામ મટિરિયલ બાળકોને શાળા દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું. બાળકોની 'Hidden Talent" ખીલવવાના હેતુથી આ એક્ટિવિટીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# મેઘાણી સંશોધિત પ્રાચીન ગીતોનો કાર્યક્રમ આજે ને કાલે ડીડી ગિરનાર પર

ગાંધીનગર, તા. ૬

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સંશોધિત-સંપાદિત પ્રાચીન લોકગીતો-રાસ-ગરબાનો વિશેષ કાર્યક્રમ "રઢિયાળી રાત" બે ભાગમાં ડી.ડી. - ગિરનાર ટીવી ચેનલ પર રજૂ થશે. ૭ (ગુરુ) અને ૮ (શુક્ર) ડીસેમ્બરના રોજ પ્રસારણ સવારે ૯.૩૦ કલાકે અને પુનઃ પ્રસારણ બપોરે ૨.૩૦ કલાકે થશે.

આપણી સંસ્કૃતિ અને સાહિત્યની મહામૂલી વિરાસતથી નવી પેઢી પરિચિત તેમ જ પ્રેરિત થાય એ હેતુથી ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન (જી.આઈ.ઈ.ટી.) અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી સ્થાપિત ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા આ પ્રેરક કાર્યક્રમનું નિર્માણ કરાયું છે. ઝવેરચંદ મેઘાણીની ૧૨૧મી જન્મજયંતી વર્ષ ચાલી રહ્યું છે તેથી આ કાર્યક્રમનું સવિશેષ મહત્ત્વ છે.

ગુજરાતના ખ્યાતનામ લોકગાયક અભેસિંહ રાઠોડ અને રાધાબેન વ્યાસએ "રઢિયાળી રાત"નાં ગીતોની રમઝટ બોલાવી છે. ચાંદો ઊગ્યો ચોકમાં, કાન તારી મોરલી, સોના વાટકડી રે, જોડે રહેજો રાજ, સવા બશેરનું મારું દાતરડું, જોબનિયું આજ આવ્યું, શરદપૂનમની રાતડી, અડવડ દડવડ નગારાં વાગે, ઝૂલણ મોરલી વાગી રે, આભમાં ઝીણી ઝબૂકે વીજળી, આવી રૂડી અંજવાળી રાત, માડી બાર બાર વરસે આવિયો, દાદા હો દીકરી, બાર બાર વરસે નવ્વાણ ગળાવિયાં, ના છડિયાં હથિયાર જેવાં સદાબહાર લોકગીતો કુલ પાંચ એપિસોડની શ્રેણીમાં રજૂ થશે.

ઝવેરચંદ મેઘાણીએ લોકસાહિત્ય પર વિશિષ્ટ અને ગહન સંશોધન કરેલુ. ધૂળધોયા'નું ભગીરથ કાર્ય કરેલું. લોકગીતોનો જ્યારે લગભગ નાશ થઈ ચૂક્યો હતો તે વેળા એની શોધમાં નીકળેલા ઝવેરચંદ મેઘાણીએ ગામડાં ખૂંદ્યાં. અહીંતહીં છિન્નભિન્ન સ્વરૂપે ગીતો મળ્યાં તેના વેરણછેરણ ટુકડાઓના સાંધા જોડવા પ્રયાસ કર્યો. તેનું શુધ્ધ ગેય સ્વરૂપ મેળવ્યું. તેની અંદર જે કાવ્યતત્વ અસલ પડ્યું હોવું જોઈએ તે તપાસવા પોતાની કવિતાની સમજ, તર્કશકિત, કલ્પના અને છેલ્લે, પોતાની ચાતુરી પણ તેમણે વાપરી હતી.

# એટીએમ દ્વારા હાસ્યપ્રધાન નાટ્યનું મંચન





## લેખક વિલોપન દેસાઈ અને નિર્માતા-દિગ્દર્શક તેજસ ટેલરનું નવતર સર્જન 'રંગરસીયા જરા આટલેથી અટકો' સભ્યોએ ભરપૂર માણ્યું

એની ટાઈમ મસ્તી (એટીએમ) કલ્ચરલ ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા સભ્યો માટે એક હાસ્યપ્રધાન નાટ્યપ્રયોગનું આયોજન ગાંધીનગર ટાઉનહોલ ખાતે કરવામાં આવ્યું હતું. લેખક વિલોપન દેસાઈ અને નિર્માતા-દિગ્દર્શક તેજસ ટેલરનું નવતર સર્જન 'રંગરસીયા જરા આટલેથી અટકો' સભ્યોને ખૂબ પસંદ પડ્યું હતું. આ નાટકમાં નીતિન મૌર્ય, ભાવિન વૈદ્ય, દેવાંગી ભટ્ટ, મેઘા સીયારામ, શીવાની સોપારીવાલા, તોરલ શર્મા અને રાજીવ પંચાલ દ્વારા અભિનયનાં અજવાળાં પાથરવામાં આવ્યાં હતાં. નેપથ્ય અમીતા પટેલ, ઉન્નતિ બ્રહ્મભટ્ટ, બેલા ભાવસાર અને કેનીશ ટેલર દ્વારા સંભાળવામાં આવ્યું હતું. પ્રકાશ આયોજન મિતુલ લુહાર, કોશ્ચ્યુમ વિતરાગ શાહ, મેક-અપ અર્ચા સોમૈયા, ડિઝાઈન ડૉ. વિદુર, સંગીત શૌનક પંડ્યા અને સેટ ડિઝાઈનની સેવા ચેતન કણિયા દ્વારા આપવામાં આવી હતી. એક જ બીચહાઉસ પર એકબીજાની હાજરીથી અજાણ પાત્રોની એક-બીજાના રૂમમાં થતી અવરજવરનાં દૃશ્યોએ પ્રેક્ષકોને છેક અંત સુધી નાટક જોવા માટે જકડી રાખ્યા હતા. કલાકારોનું ટાઈમીંગ અને હાસ્યરસ પ્રેક્ષકોને સ્પર્શી ગયો હતો. નિર્માતા તરીકે તેજસ ટેલરનું આ ચોથું નાટક અને દિગ્દર્શક તરીકે પહેલું. પરંતુ હિન્દી ફિલ્મના પ્લોટ જેવી પટકથા અને નવા-જુના કલાકારોની સજ્જતા નાટકને સફળતા અપાવી ગઈ હતી.

### ગાંધીનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા

# પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે બાળકવિ માર્ગદર્શન શિબિર યોજાઈ





ગાંધીનગર, તા. ૬

પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકો પણ કેવી સુંદર અભિવ્યક્તિ કરી શકે છે તેનું ઉત્તમ ઉદાહરણ તાજેતરમાં બાળકવિઓ માટેની એક માર્ગદર્શન શિબિર નિમિત્તે થયું હતું. ગાંધીનગર જિલ્લાની શાળાઓમાંથી ઉપસ્થિત રહેલા બાળકવિઓ અને બાળકવયિત્રીઓ દ્વારા કાવ્યરચના અંગે ખૂબ જ રસપૂર્વક જાણવા, સમજવા અને અભિવ્યક્ત થવા માટે સજ્જતા કેળવવાનો ત્રિદિવસીય કવિ માર્ગદર્શન શિબિરમાં ખૂબ જ દિલથી પ્રયાસ કર્યો હતો.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગરના ઉપક્રમે પ્રાચાર્ય આઈ વી પટેલના આયોજન અને રાજેન્દ્ર એમ રાવલના સંયોજનથી કલા ઉત્સવ અંતર્ગત આ વિશિષ્ટ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકવિ સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવેલ બાળકોને ક્લસ્ટર કક્ષાએ યોજાયેલી સ્પર્ધામાં અને ત્યાંના વિજેતાઓને જિલ્લા કક્ષાની બાળ કવિ માર્ગદર્શન શિબિરમાં સ્થાન આપવામાં આવ્યું હતું.

બાળકવિઓએ સ્વયં રચના કરીને તેનું પઠન પણ કર્યું ત્યારે તેમની કવિતાઓમાં વિષય વૈવિધ્ય, રજૂઆતની આગવી ઝલક અને મૌલિકતાનાં દર્શન થયાં હતાં.

સમગ્ર કાર્યક્રમનું સંકલન જાણીતા સાહિત્યકાર કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે પ્રારંભમાં જ કાર્યક્રમનો હેતુ, શબ્દના અનેક અર્થો અને પર્યાયો, અલંકાર, પ્રાસ અને ભાષાશુદ્ધિનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા બાળસાહિત્યકાર, કવિ નટવર હેડાઉ 'વનવિહારી'એ વિદ્યાર્થીઓને કવિતા ક્યાંથી, કઈ રીતે મળે તે માટે અવલોકન, સૂક્ષ્મ નિરીક્ષણ અને અભિવ્યક્તિની તરાહો અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પોતાની અને અન્ય જાણીતા સર્જકોની કૃતિઓ પણ વિદ્યાર્થીઓ સમક્ષ પ્રસ્તુત કરી હતી. ગઝલકાર અને બાળસાહિત્યકાર ફિલીપ કલાર્કે બાળકાવ્યો, જોડકણાં રજૂ કરી બાળકવિઓને રાજી કરી દીધા હતા.

કવયિત્રી કીર્તિદાબેન બ્રહ્મભટ્ટે પણ ઉપસ્થિત રહી બાળકાવ્યોનું પઠન કર્યું હતું અને કવિતાના જુદા-જુદા પ્રકારો અંગે હળવી શૈલીમાં સમજ આપી હતી. આ શિબિરમાં ઉપસ્થિત બાળકવિ રમેશ સોલંકી, તુલસી પાનસુરીયાએ અનુક્રમે ભારત કી ધારણા અને મેરી શાલા જેવી હિન્દી રચનાઓ રજૂ કરી હતી. ઉપરાંત, વિશ્વા ચૌધરી દ્વારા વહાલી મારી મમ્મી, કાજલ ચૌહાણ દ્વારા સ્વચ્છ ભારત, જાગૃતિ રાઠોડ દ્વારા શ્યામ ઘેર આવો ને, પુનમ મકવાણા દ્વારા જ્ઞાન મંદિર, અનિતા પંચાલ દ્વારા સ્વચ્છતા ગીત, અંજલી ઝાલા દ્વારા પરીઓની પાંખ, હિતેશ રાઠોડ દ્વારા આજનું ભણતર, દિવ્યા ઠાકોર દ્વારા બાળપણ, હિમાંશી પરમાર દ્વારા પ્રકૃતિના ખોળે, સપના પરમાર દ્વારા મોર અને ફૂલ, નિકીતા રાણા દ્વારા ગાતાં-રમતાં અને ઉર્વશી વાઘેલા દ્વારા કૃષ્ણલીલા જેવી રચનાઓ રજૂ થઈ હતી.

અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પ્રતિભાને ખીલવવા માટે અને તેમની આંતરિક શક્તિઓને ઉજાગર કરવા માટેનો આ પ્રયાસ સફળ રહ્યો હતો.

### બાળકવિઓની રચનાઓ

મોબાઈલ, ટેબ્લેટ, કોમ્પ્યુટર...
મૉડર્ન છે ભાઈ મૉડર્ન....
- વૈશ્વિકા જયસ્વાલ

સૂરજ દાદા રે હો, સૂરજ દાદા
તમે લાગો મને બહુ વહાલા વહાલા
તમે આવો ત્યારે થાય પ્રભાત
તમે જતા રહો તો થાય રાત
- મિત્તલ પ્રજાપતિ

દેશવાસીઓ નમસ્તે,
કચરો ન ફેંકો રસ્તે
કચરાને કરો બાય બાય,
દુખ સઘળાં જાય જાય
- મહેશ ચૌહાણ

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ફિરંગી
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
કોકો (૩ડી, અંગ્રેજી)
૭.૦૦

**સ્ક્રીન-૪**
તેરા ઈંતઝાર
સવારે ૧૦.૦૦
જુલી-૨
૧.૦૦
તુમ્હારી સુલુ
૪.૦૦, ૭.૦૦
લવની ભવાઈ
૯.૩૦

**સ્ક્રીન-૫**
ફિરંગી
સવારે ૧૦.૦૦
તેરા ઈંતઝાર
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૧૦.૦૦